Subject : ગણિત
Standard : ધોરણ 8
Chapter : 8
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
## તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50
Roll No. : ____________

---

### SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 05)

1. વળતર હંમેશાં શેના ઉપર ગણવામાં આવે છે ?
   A. મૂળ કિંમત B. વેચાણ કિંમત C. છાપેલ કિંમત D. એક પણ નહિ
2. 10 કિમી / કલાક અને 30 કિમી / કલાકનો ગુણોત્તર શું થાય ?
   A. 2 : 1 B. 1 : 2 C. 1 : 3 D. 3 : 1
3. જો P = રૂ. 5000, R = 8 % વાર્ષિક અને વ્યાજ અર્ધવાર્ષિક હોય, તો એક વર્ષના અંતે ચકવવી પડતી રકમ શોધો .
   A. રૂ. 6200 વિદ્યાર્થીઓ છે .
   B. રૂ. 5500
   C. રૂ. 6000
   D. રૂ. 5408
4. 140 ના 25 % = . . .
   A. 16.5 B. 165 C. 35 D. 56
5. ................ સંખ્યાઓ પ્રમાણમાં છે.
   A. 6, 12, 18, 24 B. 2, 3, 12, 18 C. 5, 10, 15, 20 D. 4, 8, 12, 16

➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો (Marks - 05)

1. કોઈ એક એકમનો અડધો ભાગ એટલે તે એકમના .................% થાય .
2. ચક્રવૃદ્ધિ વ્યાજમુદ્દલ શોધવાનું સૂત્ર A = .................
3. સાદું વ્યાજ શોધવાનું સૂત્ર I = ..................... છે .
4. ગુણોત્તર દિશવિવા માટે બંને ચશિઓમાંથી એક પણ રાશિનું મૂલ્ય .................. ન હોવું જોઈએ.
5. 25 વિદ્યાર્થીઓમાં 72 % વિદ્યાર્થી ગણિતમાં હોશિયાર છે, તો ................ વિદ્યાર્થીઓ ગણિતમાં નબળા છે.

➽ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો (Marks - 05)

1. સાદું વ્યાજ એ ચક્રવૃદ્ધિ વ્યાજ કરતાં વધારે હોય છે .
2. છાપેલી કિંમતમાં ઘટાડો કરવામાં આવે, તો હંમેશાં ખોટ જાય છે .
3. ચક્રવૃદ્ધિ વ્યાજ હંમેશાં દર છ મહિને ઉમેરાય છે .
4. GST એ બીલની રકમ પરનો ટકામાં દર્શાવેલ કર છે .
5. VAT ( મૂલ્યવર્ધિત કર ) એ વસ્તુની કિંમતમાં સમાવિષ્ટ નથી .

### SECTION - B

➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ) (Marks - 11)

1. ગુણોત્તરોનું ટકાવારીમાં રૂપાંતર કરો . ગુણોત્તર = 99 : 75
2. ગુણોત્તરોનું ટકાવારીમાં રૂપાંતર કરો . ગુણોત્તર = 17 : 25
3. ગુણોત્તરોનું ટકાવારીમાં રૂપાંતર કરો . ગુણોત્તર = 7 : 8
4. સંખ્યાઓના ગુણોત્તર શોધો : 1100 મિમી અને 220 સેમી
5. સંખ્યાઓના ગુણોત્તર શોધો : 525 સેમી અને 1 મીટર

BHAVDIP VADHER (E-LEARNING)

6. સંખ્યાઓના ગુણોત્તર શોધો : 10 નંગ અને 2 ડઝન
7. 2 : 3 ગુણોત્તરનું ટકાવારીમાં રૂપાંતર કરો
8. 3 : 4 ગુણોત્તરનું ટકાવારીમાં રૂપાંતર કરો
9. ગુણોત્તર શોધો : 50 પૈસા અને 5 રૂપિયા રૂપિયા
10. ગુણોત્તર શોધો : 5 મીટર અને 10 કિમી
11. ગુણોત્તર શોધો : સાઇકલની ઝડપ 15 કિમી / કલાક અને સ્કૂટરની ઝડપ 30 કિમી / કલાક

**➽ નીચેના દાખલા ગણો (દરેકના બે ગુણ)** **(Marks - 24)**

1. ફેબીનાએ રૂ.12,500 ; 3 વર્ષ માટે 12 % ના દરે સાદા વ્યાજે ઉધાર લીધા અને રાધાએ એ જ રકમ એ જ સમય માટે 10 % ના દરે ચક્રવૃદ્ધિ વ્યાજે ઉધાર લીધી . કોણ વધારે વ્યાજ ચૂકવશે ? કેટલું ?
2. મેં જમશેદ પાસેથી રૂ.12,000 સાદા વ્યાજે 6 % ના દરે 2 વર્ષ માટે ઉધાર લીધા . જો મેં આ જ રકમ 6 % ના દરે પ્રતિ વર્ષના ચક્રવૃદ્ધિ વ્યાજે લીધી હોત, તો કેટલી વધારાની કિંમત ચૂકવવી પડી હોત ?
3. આરીફે બેંકમાંથી રૂ. 80,000ની લોન લીધી . જો વ્યાજનો દર 10 % પ્રતિ વર્ષ હોય, તો
   $11/2$
   વર્ષ પછી ચૂકવવાની થતી રકમનો તફાવત નીચે મુજબ શોધો. (i) વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે (ii) અર્ધવાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે શોધો .
4. જો રૂ. 10, 000ને
   $11/2$
   વર્ષ માટે 10 % ના દરે પ્રતિ વર્ષ અર્ધવાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે મૂકવામાં આવે, તો ચક્રવૃદ્ધિ વ્યાજ અને વ્યાજમુદ્દલ શોધો . શું આ વ્યાજ તેના વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજ કરતાં વધુ હશે ?
5. રૂ. 2000 એ રૂ.2400 કરતાં કેટલા ટકા ઓછા છે ? રૂ. 2400 એ રૂ. 2000 કરતાં ટકાવારીમાં કેટલા વધુ છે ? શું બંને ફેરફાર સમાન છે ?
6. એક VCR અને TV રૂ.8000નું એક એમ ખરીદવામાં આવ્યા . દુકાનદારને VCR પર 4 % ની ખોટ ગઈ અને TV પર 8 % નો નફો થયો, તો આ વ્યવહારમાં થયેલ નફો કે ખોટ ટકાવારીમાં શોધો .
7. દૂધવાળાએ પોતાની બે ભેંસ રૂ. 20, 000 લેખે વેચી. એક ભેંસ પર તેને 5 % નફો અને બીજી ભેંસ પર તેને 10 % ખોટ થઈ તો સમગ્ર રીતે નફો કે ખોટ શોધો . ( સૂચન : બંનેની મૂળ કિંમત શોધો .)
8. કમલાએ સ્કૂટર ખરીદવો બૅન્કમાંથી રૂ. 26,400 પ્રતિ વર્ષ 15 % ના ચક્રવૃદ્ધિ વ્યાજે લીધા . 2 વર્ષ અને 4 મહિના પછી ઉધાર ચૂકતે કરવા માટે તેણે કેટલી રકમ ચૂકવવી પડશે ?
9. ગણતરી કરીને જવાબ આપો : ફોરમ રૂ. 10, 000 ; R = 9 % ના ચક્રવૃદ્ધિ વ્યાજે 2 વર્ષ માટે લાવે છે અને ફાલ્ગુન તેટલી જ રકમ તેટલી જ મુદત માટે 10 % ના સાદા વ્યાજે લાવે છે, તો કોણ કેટલું વધુ વ્યાજ ચૂકવશે ?
10. ગણતરી કરીને જવાબ આપો : એક બાઇકની કિંમતમાં 10 % વાર્ષિક ઘટાડો થાય છે, તો રૂ. 50,000ની કિંમતમાં ખરીદેલ બાઇકનું બે વર્ષ બાદ શું મૂલ્ય હશે ?
11. ગણતરી કરીને જવાબ આપો : રૂ. 20,000 નું 1 વર્ષ અને 4 મહિના માટે ચક્રવૃદ્ધિ વ્યાજે રોકાણ કરવામાં આવે, તો મુદતને અંતે કુલ કેટલી રકમ મળશે અને કુલ કેટલું વ્યાજ મળશે ?
12. ગણતરી કરીને જવાબ આપો : રામજીભાઈ 20 % લેખે રૂ. 15, 000 ; 18 માસ માટે વ્યાજે લાવે છે . વ્યાજ દર છ માસે ઉમેરાય છે, તો મુદતને અંતે તેમણે કુલ કેટલી રકમ ચૂકવવી પડશે ? કુલ કેટલું વ્યાજ ચૂકવવું પડશે ?

BHAVDIP VADHER (E-LEARNING)

## Best Of Luck

Subject : ગણિત
Standard : ધોરણ 8
Chapter : 8

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50

---

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. છાપેલ કિંમત
2. 1 : 3
3. રૂ. 5408
4. 35
5. 2, 3, 12, 18

**➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. 50
2. $P[1 + R/100]^n$
3. $PRT/100$
4. શૂન્ય
5. 7

**➽ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. ખોટું (False)
2. ખોટું (False)
3. ખોટું (False)
4. ખરું (True)
5. ખોટું (False)

BHAVDIP VADHER (E-LEARNING)

## SECTION - B

**➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ)** (Marks - 11)

1. ટકાવારી = 132 %
2. ટકાવારી = 68 %
3. ટકાવારી = 87.5 %
4. ગુણોત્તર = 1 : 2
5. ગુણોત્તર = 21 : 4
6. ગુણોત્તર = 5 : 8
7. $662/3$
8. 75 %
9. 1 : 10
10. 1 : 2000
11. $1/2$
    ( 1 : 2 )

**➽ નીચેના દાખલા ગણો (દરેકના બે ગુણ)** (Marks - 24)

1. ફેબીના માટે વ્યાજ = રૂ. 4500 અને રાધાનું વ્યાજ રૂ. 4137.50 છે તેથી ફેબિનાને વ્યાજ રૂ. 362.50 વધુ ચૂકવવું પડે.
2. તો વધારાની કિંમત રૂ. 43.20 ચૂકવવી પડી હોત
3. વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે ચૂકવવાની થતી રકમ = રૂ. 92,400 અને અર્ધવાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે ચૂકવવાની થતી રકમ = રૂ. 92,610 તેથી તફાવત = રૂ. 210
4. અર્ધવાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે મૂકવામાં આવે, તો ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂ. 1576.25 વ્યાજમુદ્દલ = રૂ. 11576.25
   વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે મૂકવામાં આવે, તો ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂ. 1550 વ્યાજમુદ્દલ = રૂ. 11550
   આમ, અર્ધવાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજ એ વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજ કરતાં વધુ થશે.
5. રૂ. 2000 એ રૂ.2400 કરતાં
   $50/3$
   ટકા ઓછા છે. અને રૂ. 2400 એ રૂ. 2000 કરતાં ટકાવારીમાં 20% વધુ છે. તેથી બંને ફેરફાર સમાન નથી
6. VCR ની વેંચાણ કિંમત = રૂ.7680 અને TV ની વેંચાણ કિંમત = રૂ. 8640 આમ, સંયુક્ત રીતે નફાની ટકાવારી = 2%
7. બંને ભેસ ની વેંચાણ કિંમત = રૂ.40,000
   બંને ભેસ ની ખરીદી કિંમત = રૂ.41,269.84
   આમ, સમગ્ર રીતે દૂધવાળાને રૂ.1269.84 ની ખોટ ગઇ.
8. 2 વર્ષ અને 4 મહિના પછી ઉધાર ચૂકતે કરવા માટે તેણે રૂ. 36,659.70 રકમ ચૂકવવી પડશે
9. રૂ. 119
10. રૂ. 40,500
11. અંતે કુલ રૂ. 22,420.125 રકમ મળશે અને કુલ કેટલું વ્યાજ = રૂ. 2420.135
12. મુદતને અંતે તેમણે કુલ રૂ. 19,965 રકમ ચૂકવવી પડશે. કુલ રૂ. 4965 વ્યાજ ચૂકવવું પડશે

BHAVDIP VADHER (E-LEARNING)